For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### નર્મદા અને વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારોને સાવધ રહેવા આદેશ

# નર્મદા ડેમમાંથી આજે સવારે 3.45 લાખ ક્યુસેક પાણી છોડાશે : પૂરની સંભાવના

**ડેમની** મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલ ડેમની સપાટી 135.38 મીટરે પહોંચી

(પ્રતિનિધી) વડોદરા,તા.3

પાણીની આવકમાં વધારાની શક્યતાઓને જોતા રાત્રે 10 કલાકેથી સરદાર સરોવર નર્મદા નદીમાં ગેટ અને પાવર હાઉસ માંથી મહત્તમ 1,95,000 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ જાહેરાતને પગલે નર્મદા વડોદરા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારોની સાવધ રહેવા એલટ અપાયું છે. જ્યારે ત્રણેય જિલ્લા કલેકટરોને સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા જાણ કરવામાં આવી હતી.

નર્મદા નદીમાં ગેટ અને પાવર હાઉસ માંથી આજે સવારે 6 કલાકેથી મહત્તમ 3,45,000 પાણી છોડવાની જાહેરાત કરવામાં આવી હતી. ઈન્દિરા સાગર ડેમમાંથી 2.21 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જે પાણી સરદાર સરોવર ડેમમાં પહોંચશે અને તેના કારણે ડેમની સપાટી વધી શકે છે. હાલ સરદાર સરોવર ડેમની સપાટી 135.38 મીટરે પહોંચી છે. સરદાર સરોવર ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલ ડેમની સપાટી 135.38 મીટરે પહોંચી છે જેથી ઉપરવાસમાં



કેટલું પાણી છોડાય છે તેના પર તંત્રની નજર રહી છે. સરદાર સરોવર ડેમમાં સાંજે 6 કલાક સુધીમાં પાણીની આવક 57115.00 ક્યુસેક નોંધાઈ હતી. જ્યારે નર્મદા નદીમાં 94,970 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે, સરદાર સરોવર ડેમના 10 દરવાજા સાંજે 6 કલાકેથી 1.45 સે.મી ખુલ્લા કરાયા હતા. સરદાર સરોવરની મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલની સપાટી -135.35 મીટર છે. ડેમનું ગ્રોસ સ્ટોરેજ 8419.50 MCM છે . ડેમમાં પાણીનો સંગ્રહ 89.00 % છે તથા હાલ પાણીની આવક -57115.00 ક્યુસેક અને નદીમાં પાણીની જાવક 94970 ક્યુસેક છે તો કેનાલમાં પાણીની જાવક - 23021.00 ક્યુસેક છે. હાલ સરદાર સરોવર ડેમના 10 દરવાજા 1.45 સે.મી ખુલ્લા છે. ઈન્દિરા સાગર ડેમમાંથી બપોરે 1.30 કલાકથી 12 ગેટ 1.5 મીટર ખોલીને 2,21,480 પાણી છોડવાની જાહેરાત કરાઈ હતી. જેથી આગામી 24 કલાકમાં સરદાર સરોવરમાં પાણીની સપાટીમાં વધારો નોંધાઈ શકે છે. જ્યારે પાણી છોડવામાં આવતા પૂરની પરિસ્થિતિનું નિર્માણ થવાની શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી.

### પોલીસ વિસર્જનમાં વ્યસ્ત અને SMCએ બૂટલેગરે મંગાવેલો દારૂ ઝડપ્યો

## કપુરાઈ ચોકડી પાસે બિનવારસી પડેલા ટેમ્પામાંથી ₹44.93 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેર તથા જિલ્લા પોલીસ સાત દિવસના ગણેશજીના વિસર્જનમાં વ્યસ્ત હતી, ત્યારે તેનો લાભ ઉઠાવીને બૂટલેગર વિદેશી દારૂનો જથ્થો મંગાવીને કપુરાઈ ચોકડી નજીક મુક્યો હતો. જેની બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલને મળતા ટીમે રેડ કરીને બિનવારસી પડેલી ટ્રકમાંથી રૂ. 44.93 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જ્યારે દારૂ મંગવારનાર બૂટલેગર, ચાલક તથા સપ્લાયરને વોન્ટેડ જાહેર કર્યાં છે.

વડોદરા શહેર અને જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગેરકાયદે ચાલતા જુગાર તથા દારૂની અડ્ડા તથા હેરાફેરી પર સપાટો બોલાવવામાં આવતો હોય છે.2 સપ્ટેમ્બરના રોજ વડોદરા શહેર અને જિલ્લાની પોલીસ ગણપતિના



સાતમાં દિવસના વિસર્જનમા વ્યસ્ત હતી, ત્યારે બૂટલેગરે તેનો લાભ ઉઠાવી વિદેશી દારૂ મંગાવ્યો હતો. આ ટ્રક વિસ્ટેરીયા હાઈટસ પાસે બિનવારસી હાલતમાં મુકી છે તેવી મળેલી બાતમીના આધારે એસએમસીની ટીમે બાતમી મુજબના સ્થળ પર રેડ કરીને તપાસ કરી હતી ત્યારે ટ્રકમાંથી રૂ. 44.93 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જોકે સ્થળ પરથી કોઈ નહી આવતા સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દારૂ મંગાવનાર વડોદરાના બૂટલેગર સહિતના સપ્લાયર અને ટ્રકના ચાલકને વોન્ટેડ જાહેર કરાયા છે. વિદેશી દારૂ અને ટ્રક રૂ.7 લાખ મળી રૂ. 51.93 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી માટે કપુરાઈ પોલીસને સોંપવામાં આવતા પોલીસે દારૂ મંગાવનાર સહિતના આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ભલે શહેર અને જિલ્લા પોલીસ સાતમા દિવસના વિસર્જનમાં વ્યસ્ત હોય પરંતુ સ્ટેટ મોનિટરિંગ સેલ દારૂની હેરાફેરી પર સતત નજર રાખી રહી છે.

### વર્ષ 2023માં 552 જગ્યાની જુનિયર ક્લાર્ક ભરતી માટે 1 લાખથી વધુ અરજીઓ આવી હતી

## દોઢ વર્ષ બાદ જુનિયર ક્લાર્કનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરી 111 ઉમેદવારોને નિમણૂક અપાઈ

ગુજરાતમિત્ર અસર



જુ.ક્લાર્કના રાજીનામા અને વેઈટિંગ લિસ્ટ જાહેર ન થતાં હાલના કર્મચારીઓ પર બોજો

વડોદરા મહાપાલિકામાંથી વધુ 100 જુનિયર ક્લાર્ક રાજીનામું આપશે !

1 સપ્ટેમ્બર અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો

**વેઇટિંગ** લિસ્ટ જાહેર થયા બાદ પણ પાલિકામાં જુનિયર ક્લાર્કની અંદાજિત 150 જગ્યા ખાલી રહેશે

### 2016 અને 2018માં પાલિકાએ 4થી વધુ વખત વેઇટિંગ લિસ્ટ જાહેર કરવું પડ્યું હતું

વર્ષ 2016 અને 2018માં પણ ઉમેદવારોની અછતની પરિસ્થિતિ સર્જાઈ હતી, ત્યારે પાલિકાને 4થી વધુ વખત વેઇટિંગ લિસ્ટ જાહેર કરવું પડ્યું હતું. જ્યારે આ વખતે પરીક્ષા યોજાયા બાદ દોઢ વર્ષના ગાળે વેઇટિંગ લિસ્ટ જાહેર થયું છે, તે પણ પૂરતી સંખ્યામાં જાહેર કરવામાં આવ્યું નથી.

### સર્વેયર ભરતી પણ 8 વર્ષથી અટવાઈ !

વર્ષ 2016-17માં વડોદરા મહાનગર પાલિકાએ સર્વેયરની ભરતી જાહેર કરી હતી. આ માટે રાજ્યભરમાંથી ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પરંતુ પાલિકા દ્વારા પરીક્ષા યોજાઈ નહીં. આજે 8 વર્ષ બાદ પણ આ ભરતી અધૂરી રહી છે. દરમિયાનમાં શૈક્ષણિક લાયકાતમાં ફેરફાર થતાં હવે ઉમેદવારોને ડિગ્રી જરૂરી થઈ છે. જેના કારણે આ ભરતી રદ થવાની સ્થિતિ સર્જાઈ છે. ઉમેદવારો વારંવાર રજૂઆત કરે છે છતાં પાલિકા તરફથી કોઈ યોગ્ય જવાબ મળતો નથી. અધિકારીઓની બદલી અને નિર્ણય ન થવાને કારણે યોગ્ય લાયક યુવાઓ નોકરીથી વંચિત રહ્યા છે.

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી જુનિયર ક્લાર્કની સંખ્યા ઘટતી જતી હોવાના સમાચાર અવારનવાર ગુજરાતમિત્ર દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હતા. ગુજરાતમિત્રના અહેવાલ બાદ હવે પાલિકાએ છેલ્લા દોઢ વર્ષથી અટકેલું જુનિયર ક્લાર્કનું વેઈટિંગ લિસ્ટ જાહેર કર્યું છે. જેમાં 111 ઉમેદવારોને જુનિયર ક્લાર્ક તરીકે નિયુક્તિ આપવામાં આવી છે. હાલમાં પાલિકામાં કાર્યરત આશરે 150 જેટલા જુનિયર ક્લાર્કને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નોકરી મળી ગઈ છે. ટૂંક સમયમાં તેઓ રાજીનામું આપી અન્ય જગ્યાએ જોડાવાના હોવાથી પાલિકા સામે કર્મચારીની અછત ઊભી થઈ હતી. આ પરિસ્થિતિમાં હવે જાહેર કરાયેલા વેઈટિંગ લિસ્ટ દ્વારા 111 નવા જુનિયર ક્લાર્ક અલગ અલગ વોર્ડ ઓફિસ, ઝોન ઓફિસ, આરોગ્ય, ઓડિટ સહિતના વિભાગોમાં ફરજ સંભાળશે. વર્ષ 2023માં યોજાયેલી જુનિયર ક્લાર્ક ભરતી પરીક્ષા માટે 552 જગ્યાની સામે અંદાજિત 1 લાખ જેટલી અરજીઓ આવી હતી. પરીક્ષાની પ્રક્રિયા બાદ વર્ષ 2024માં 480 જેટલા ઉમેદવારો જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા. પરંતુ ટૂંક સમયમાં જ 50થી વધુ ઉમેદવારોને હાઈકોર્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય જગ્યાએ નોકરી મળી જતા તેઓ વડોદરા કોર્પોરેશન છોડી ગયા હતા.

તદુપરાંત તાજેતરમાં 110 જેટલા જુનિયર ક્લાર્ક રાજ્ય સરકારની CCE ગ્રુપ A તથા ગ્રુપ B ની પરીક્ષામાં સફળ થયા છે. આ ઉમેદવારો પણ આગામી સમયમાં રાજીનામું આપશે એવી શક્યતા છે. પરિણામે ભરતી કરાયેલા 552માંથી અંદાજિત માત્ર 200 જેટલા જુનિયર ક્લાર્ક જ ફરજ પર હાજર રહ્યા હતા. હવે વેઈટિંગ લિસ્ટ જાહેર થતાં 111 નવા ઉમેદવારોની નિમણૂક થશે. આમ કુલ મળીને પાલિકામાં અંદાજે 350 જેટલા જુનિયર ક્લાર્ક મળશે. તેમ છતાં 150 જેટલી જગ્યાઓ હજુ ખાલી રહેશે. ઉલ્લેખનીય છે કે, જુનિયર ક્લાર્કની ભરતી થયા બાદ દોઢ વર્ષ બાદ પહેલી વાર વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. નિયમ મુજબ બે વર્ષ પૂરા થયા બાદ વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવતું નથી. તેથી ઉમેદવારોમાં એવી ચર્ચા પણ ચાલી રહી છે કે 552 જગ્યાની ભરતી માટે પરીક્ષા લેવાઈ હતી, ત્યારે વેઈટિંગ લિસ્ટ પણ તેટલી જ સંખ્યામાં જાહેર થવું જોઈતું હતું. આ નિર્ણયથી લાંબા સમયથી રાહ જોઈ રહેલા ઉમેદવારોને નિમણૂક મળતાં રાહત અનુભવી છે, પરંતુ પાલિકા સામે હજુ પણ મોટા પ્રમાણમાં ખાલી જગ્યાઓનો પ્રશ્ન યથાવત્ છે.

ઉલ્લેખનીય છે કે, જૂનિયર ક્લાર્ક સિવાય પણ પાલિકાના અનેક વિભાગોમાં વિવિધ જગ્યાઓ ખાલી પડેલી છે. પરંતુ વહિવટી વિભાગની બેદરકારીને લીધે આજે પણ કેટલી જગ્યાઓ ખાલી છે તેના આંકડા ક્યારેય પણ જાહેર કરવામાં આવતા નથી.

## શંકાસ્પદ ગૌમાંસના જથ્થા સાથે આણંદનો રિક્ષા ચાલક ઝડપાયો

**70** કિલો ગૌમાંસ વડોદરામાં કોને ત્યાં ડિલિવરી કરવા માટે જતો હતો તેની પૂછપરછ હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

આણંદથી રિક્ષામાં શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો વડોદરામાં આ ડિલિવરી આપવા માટે આવી રહેલા ચાલકને તાલુકા પોલીસે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી 70 કિલો ગૌમાંસનો જથ્થો કબજે કરી તેની ક્યાં આપવા જઈ રહ્યો હતો તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

વડોદરા શહેર જિલ્લામાંથી અવાર નવાર ગૌમાંસની હેરાફેરી ઝડપાતી હોય છે. ત્યારે ગૌરક્ષા સમિતિના કાર્યકરોને બાતમી મળી હતી કે આણંદથી શંકાસ્પદ ગૌમાસનો જથ્થો લઈને રિક્ષા ચાલકે વડોદરામાં વેચાણ અર્થે આપવામાં આવતો હતો. જેથી મહિલા સહિતના ટીમે શેરખી પાસેથી



વોચ ગોઠવીને ગૌમાંસન ભરેલી રિક્ષાને ઝડપી પાડી હતી. ત્યારબાદ તાલુકા પોલીસને જાણ કરાત પોલીસની ટીમ તાત્કાલિક દોડી આવી હતી અને ગૌમાંસના જથ્થા સહિત સાથે આરોપી મહોમ્મદ ગિલાણી કાદરભાઈ મહમંદ હુસેન કુરેશીને ઝડપી પાડી પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ જેથી પોલીસે 70 કિલો ઉપરાંતનો શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો કબજે કરીને વડોદરામાં કોને ત્યાં ડિલિવરી આપવા માટે આવી રહ્યો હતો તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### SMCની ટીમે પણ બૂટલેગર દારૂ કાઢવા માટે આવશે માટે ચારથી છ કલાક વોચ ગોઠવી

## ત્રણ દિવસથી દારૂ ભરેલો ટેમ્પો પડી રહ્યો છતાં શહેર પોલીસને ગંધ સુદ્ધા ન આવી

**ટેમ્પાના** દરવાજાનું તાળું તોડતાં દારૂની પેટીઓ જોઈને સ્થાનિકો અચંબામાં

(પ્રતિનિધિ) વડોદરા તા.3

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે નેશનલ હાઈવેની અડીન આવેલી સોસાયટી પાસેથી વિદેશી દારૂ ભરેલો ટેમ્પો પકડ્યો છે. ત્યારે બેથી ત્રણ દિવસથી ટેમ્પ પડી રહ્યો હોવા છતાં

ગુજરાતમિત્ર અંદરની વાત

પોલીસ સહિતના પીસીબી, ડીસીબી અને એસઓજી સહિતની ટીમો પણ ગંધ સુધ્ધા ન આવી. એસએમસીની ટીમ પણ બૂટલેગર દારૂ કાઢવા માટે આવે તેના માટે વોચ ગોઠવી બેઠી પરંતુ જાણે તેને જાણ કરી દીધી હોય તેમ ટેમ્પા બાજુ કોઈ ફરક્યુ ન હતું. એસએમસીએ ટેમ્પાનું લોક તોડતા સ્થાનિક લોકો પણ દારૂની પેટીઓ જોઈને આશ્ચર્ય પામ્યાં હતા.

વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમાં હાઈવેથી નજીક આવેલા વિસ્ટેરિયા હાઈટ્સ પાસેથી રૂ.44.93 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જેમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ 2 સેપ્ટેમ્બરના રોજ સવારથી જ્યાં ટેમ્પો મુકેલો હતો ત્યાં નજીકમાં વોચ ગોઠવી હતી. સતત ચારથી છ કલાસ સુધી વોચ રાખવા છતાં જાણે કોઈ બૂટલેગરને જાણ થઈ ગઈ હોય તેમ દારૂ ટેમ્પામાંથી કાઢવા માટે આવ્યો ન હતો. જેથી એસએમસીની ટીમે ટેમ્પાના તાળુ તોડી જોતા સ્થાનિક લોકો પણ દારૂની પેટીઓ જોઈને હેબતાઈ ગયા હતા. કારણે બેથી ત્રણ દિવસથી આ ટેમ્પો સોસાયટી પાસે પડેલો હતો. પરંતુ સ્થાનિક પોલીસ સહિતના પીસીબી, ડીસીબી તથા એસઓજી પોલીસને ગંધ સુદ્ધા આવી ન હતી. બીજી તરફ હાઈવે પરથી દારૂનો જથ્થો શહેરમાં પ્રવેશ્યો હોવા છતાં જિલ્લા પોલીસ જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ જણાયું હતું.

### બૂટલેગર તો દૂર, ટેમ્પાના માલિકનો પણ પોલીસને પતો નથી

નેશનલ હાઇવે 48થી એડીને આવેલી વિસ્ટેરિયા હાઇટની ગલીમાંથી શહેરમાં પ્રવેશ કરી શકાય છે. પોલીસ જાણે છે કે આ શહેરમાં પ્રવેશના હાઇવે માર્ગ પરથી ગેરકાયદે વસ્તુની હેરાફેરી થઇ શકે છે. જેથી પ્રવેશ દ્વાર પાસે 10 જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યાં છે. તેમ છતાં બૂટલેગર દારૂ ભરેલો ટેમ્પો આજ રસ્તેથી ઘુસાડ્યો હતો અને સોસાયટી પાસે મુકી દીધો હતો. ગઇકાલ 2 સેપ્ટેમ્બરે એસએમસીની ટીમે ટેમ્પો પકડ્યો છે. આ ટેમ્પાનો નંબર જી જે 06 બીવી 6986 વડોદરા પાસિંગનો છે બીજો દિવસ પસાર થઇ ગયો હોવા છતાં બૂટલેગર તો દૂર પરંતુ ટેમ્પા માલિકનું નામ પણ પોલીસ શોધી શકી નથી.

### ચાલુ વર્ગે બાળકોની સામે શિક્ષકો સાથે ઓરમાયું વર્તન

## પરિવાર વિદ્યાલયના ટ્રસ્ટીની આપખુદશાહી, રજૂઆત કરવા ગયેલા શિક્ષકોને ધમકાવ્યા

**ભ્રષ્ટાચાર** ઉજાગર કરતા શિક્ષકોને યેન કેન પ્રકારે દબાવવા પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

આજવા રોડ પર આવેલી પરિવાર વિદ્યાલયમાં શિક્ષકોનો પગાર આપવામાં ઠાગાઠૈયા કરનાર ટ્રસ્ટી દ્વારા કરાયેલા કૌભાંડની પોલ શિક્ષકોએ જ ઉઘાડી પાડી છે. ત્યારે, પગાર પ્રશ્ને રજૂઆત કરવા ગયેલા શિક્ષકોને ચાલુ વર્ગે બાળકોની સામે ટ્રસ્ટીએ ધમકાવ્યા હતા અને નોકરી પર આવવાની જરૂર નથી તેમ સ્પષ્ટ શબ્દોમાં કહી પોતાની મનમાની કરી હતી.

શિક્ષકોનો પગાર અને નિવૃતને ગ્રેજ્યુઈટી મળી નથી. જે મામલે આચાર્ય ભાસ્કર દેસાઈ દ્વારા ટ્રસ્ટી વિક્રમશાહને આવેદનપત્ર આપવા માટે પહોંચ્યા હતા. જોકે આ સમયે ટ્રસ્ટી સ્કૂલના એક



વર્ગ ખંડ બહાર હતા. વર્ગ ખંડમાં એક શિક્ષક બાળકોને અભ્યાસ કરાવી રહ્યા હતા. ત્યારે વર્ગ ખંડ બહાર જ ટ્રસ્ટી આગ બબુલા થઈ ઉઠ્યા હતા અને હક માટે રજૂઆત કરવા ગયેલા શિક્ષકો પર બરાબરના વરસ્યા હતા. તું કાલથી નોકરી પર આવતો નહિ તેમ જણાવી દીધું હતું. મહત્વની બાબત છે કે વિક્રમ શાહ સહિતના કેટલાક ટ્રસ્ટીઓ દ્વારા મોટા પાયે ગેરરીતિ આચરી કૌભાંડ કર્યાનો પર્દાફાશ શિક્ષકોએ કર્યો હતો. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીને પણ રજૂઆત કરવામાં આવી હતી. જોકે ડીઈઓ દ્વારા તપાસ થશે તેમ કહી ફેરવી તોડ્યું હતું.

### પીછે હઠ કરવાના નથી ,આગળ લડીશું

વિદેશમાં ગયેલા કર્મચારીઓના નિયમો વિરુદ્ધ પગાર કરવામાં આવ્યા છે. સ્કૂલનું રસોડું અને તેનો સ્ટાફ હોવા છતાં કોન્ટ્રાક્ટરના નામના બીલો બનાવવામાં આવ્યા સાથે 2017 થી ડમી શિક્ષકોના પગાર પાડી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. બેલેન્સ શીટથી માંડી, મકાનના સમારકામ, સ્ટાફ વેલ્ફેર હેઠળ ચાંદીના સિક્કાની સાથે રજા પર હોય તેવાના પણ પગાર કરી સાડા ત્રણ કરોડ ઉપરાંતની ગેરરીતિ આચરી છે. ડીઈઓ પણ માત્ર તપાસ કરીશુંનું જણાવી રહ્યા છે. જેથી અમે સીએમઓમાં ફઅમે પીછે હઠ કરવાના નથી આગળ લડત આપીશું. **- ભાસ્કર દેસાઈ,** આચાર્ય

## 4 દિવસના વિરામ બાદ મોડીસાંજે ધોધમાર વરસાદથી ઠંડક પ્રસરી

**મહત્તમ** તાપમાન 33.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.03

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી તા 06 સપ્ટેમ્બર સુધી મધ્યમ થી ભારે વરસાદની આગાહી વચ્ચે વડોદરા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી મેઘવિરામ જેવી સ્થિતિ જોવા મળી રહી છે જોકે, બુધવારે મોડીસાંજે ધોધમાર વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. શહેરમાં મહત્તમ તાપમાન 33.0 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવા પામ્યું હતું.

બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ અને મોન્સુન ટ્રફ સક્રિય થવાને કારણે હવામાન વિભાગ દ્વારા આગામી તા 06 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં મધ્યમ થી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે થી અતિ ભારે વરસાદ થવાની શકયતા છે જ્યારે મધ્ય ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે ત્યારે છેલ્લા ચાર દિવસથી વડોદરા જિલ્લા સહિત રાજ્યના કેટલાક ભાગોમાં મેઘ વિરામ ની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં બુધવારે મહત્તમ તાપમાન 33.0 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું સાથે જ લઘુત્તમ તાપમાન 26.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 46% જેટલું રહેવા પામ્યું હતું. વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ બુધવારે ઉઘાડ જોવા મળ્યો હતો.

આ વર્ષે આગામી તા 23 સપ્ટેમ્બર દરમિયાન બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ સર્જાવવાને કારણે રાજ્યમાં ભારે થી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે જેના કારણે આ વર્ષે નવરાત્રી દરમિયાન ખેલૈયાઓને ગરબામાં વરસાદ વચ્ચે ગરબા રમવા પડે તેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે.

### એસઓજી પોલીસને ટીમે પકડીને વિદ્યાનગર પોલીસને સોંપી

## એનડીપીએસના ગુનામાં વોન્ટેડ ઝરીના પટેલ શકીલાપાર્કના મકાનમાંથી ઝડપાઈ

**અગાઉ** મહિલા અને તેનો પતિ અને પુત્ર પણ ગેરકાયદે એમડી તથા ગાંજાનું વેચાણ ઝડપાયા છે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વિદ્યાનગર પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુનામાં વોન્ટેડ ઝરીના પટેલને તાંદલજા વિસ્તારમાં આવેલી શકીલાપાર્ક સોસાયટીના મકાનમાંથી એસઓજી પોલીસની ટીમે ઝડપી પાડી હતી. મહિલા સહિતનો પરિવારને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરતા પોલીસનો કોઈ પ્રકારનો ડર લાગતો ન હોય તેમ બિન્દાસ્ત રીતે વેચાણ કરતા ઝડપાતા હોય છે.

વડોદરા શહેરના તાંદલજા રોડ પર આવેલી શકીલપાર્ક સોસાયટીમા




રહેતી ઝરીના પટેલ તથા તેનો પતિ અબ્દુલ પટેલ તથા પુત્ર સહિતના સમગ્ર પરિવાર ગાંજો તથા એમડીનું વેચાણ કરતા વારંવાર પકડાતા હોય છે. પરંતુ જેલમાંથી બહાર આવ્યાં બાદ ફરી આ આરોપી ગેરકાયદે માદક પદાર્થનું વેચાણ કરતા હોય છે. પરંતુ પોલીસ માત્ર આરોપીઓ સાથે જાણે પકડદાવ રમતી હોય તેમ લાગી રહ્યું છે. આણંદ જિલ્લાના વિદ્યાનગરમાંથી તાજેતરમાં રૂ.62.50 લાખાના એનડીપીએસના મુદ્દામાલ સાથે બે આરોપીની ધરપકડ કરી લેવાઈ હતી. જ્યારે ઝરીના પટેલને વોન્ટેડ જાહેર કરાઈ હતી. ત્યારે એસઓજી પોલીસની ટીમ 3 સેપ્ટેમ્બરના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે આણંદ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ ઝરીના પટેલ હાલમાં તેના તાંદલજા વિસ્તારના શકીલાપાર્કના મકાનમાં હાજર છે. જેથી એસઓજીની ટીમે શકીલા પાર્કમાં રેડ કરીને ઝરીના પટેલને ઝડપી પાડી હતી. મહિલા વિદ્યાનગર પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હોય તેને ત્યાં સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મહિલા વિરુદ્ધ ગોત્રી તથા જેપી રોડ પોલીસ સ્ટેશનમાં પણ નોંધાયેલા છે.

## બરોડા રોડ ટ્રાન્સપોર્ટ એસોસિએશનમાં આંતરિક વિખવાદ, કામગીરી પર અસર



**જૂના** સભ્યોને આવનારી ચૂંટણીમાં ભાગ લેવા ન દેવાનો તથા મતદાનમાંથી દૂર રાખવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેર વડોદરા બરોડા રોડ ટ્રાન્સપોર્ટ એસોસિએશન હાલમાં આંતરિક વિખવાદને કારણે ચર્ચામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ એસોસિએશનના કેટલાક સભ્યોએ દાવો કર્યો છે કે જૂના સભ્યોને આવનારી ચૂંટણીમાં ભાગ લેવા ન દેવાનો તથા મતદાનમાંથી દૂર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ મુદ્દાને કારણે સભ્યોમાં મતભેદ સર્જાયો છે અને એસોસિએશનની કામગીરી નિયમિત રીતે આગળ વધી રહી નથી.

એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે આંતરિક વિખવાદને કારણે એસોસિએશનની દૈનિક કામગીરીમાં અવરોધ ઉભા થયા છે. સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પરિસ્થિતિને સંતુલિત બનાવવા તથા સભ્યો વચ્ચે સમાધાન લાવવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. આંતરિક તણાવના કારણે બરોડા રોડ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના આગલા આયોજન તેમજ મહત્વપૂર્ણ નિર્ણયોમાં વિલંબ થતાં સભ્યોમાં અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ફેબ્રુઆરીથી પગાર બંધ કરી દેતા કર્મચારીઓ મુશ્કેલીમાં મૂકાયા

## જીએસએફસીના કોન્ટ્રાક્ટના કામદારોને છૂટા કરી દેવાતા ધરણા પ્રદર્શન

**ન્યાય** નહિ મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખીશું : બ્રિજેશ પટેલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

જીએસએફસીના કોન્ટ્રાક્ટના કર્મચારીઓને પગાર નહીં આપીને છૂટા કરી દેવાતા કર્મચારીઓ જીએસએફસી કંપનીની બહાર સૂત્રોચાર સાથે ધરણા યોજીને ન્યાયની માંગણી કરી હતી. કોર્ટના હુકમ બાદ પણ કંપની મેનેજમેન્ટ દ્વારા તેનું પાલન નહીં કરી અવગણના કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો.

જીએસએફસી કંપની દ્વારા 100 જેટલા કર્મચારીઓનો પગાર બંધ કરીને છૂટા કરી દેવામાં આવ્યા હતા. જેથી કર્મચારીઓ છેલ્લા 15 દિવસથી ધરણા પર બેસી ન્યાયની માંગ કરી રહ્યા છે. કંપનીએ



ફેબ્રુઆરીથી પગાર આપવાનું બંધ કરી દેતા કર્મચારીઓને ઘર ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. કર્મચારી બ્રિજેશભાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા દિવસોથી અમે ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. ધારાસભ્ય દ્વારા પણ મેનેજમેન્ટને રજૂઆત કરી છે, તેમ છતાં આ મેનેજમેન્ટ તેમની પણ અવગણના કરી રહ્યું છે અને અમારી પાસે વચગાળાનો હુકમ છે લેબર કોર્ટનો સ્ટે છે કે આ મજૂરોને આડકતરી રીતે છુટા ના કરી શકાય કે એમનો પગાર બંધ ન કરી શકાય, કોર્ટના હુકમની પણ અવગણના કરાઈ રહી છે, પણ આ જીએસએફસીના મેનેજમેન્ટ દ્વારા 2025 ફેબ્રુઆરીના મહિનાથી અમારો એકાએક પગાર બંધ કરી દીધો છે. એટલે અમારી માંગણી એ છે કે અમને કામ આપો અને અમને અમારું વળતર આપો. અમે 100 જેટલા કામદારો છે. જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન ચાલુ રાખીશું. જોકે, બીજી તરફ કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે કંપની મેનેજમેન્ટ દ્વારા કંપની ગેટ બહાર પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.